ગુજરાત ફોરેન્સિક સાયન્સિઝ યુનિવર્સિટી ખાતે ચાલતા M.Tech Cyber Security and Incident Responseના કોર્ષ માટે શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ અને વર્ષ ૨૦૧૭-૧૮ માટે ફીનું માળખું નિયત કરવા બાબત

*ગૃહ વિભાગ,*

ગુજરાત સરકાર,

ઠરાવ ક્રમાંક: ફસય/૧૦૨૦૧૯/૭૮૯/અ

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ૨૬/૦૭/૨૦૧૯

<u>સંદર્ભ</u>: ૧. એસ.સી.એ. નં.- ૧૨૮૬૪/૨૦૧૮ના કેસનો નામદાર ગુજરાત હાઇકોર્ટનો તા. ૧૦/૦૫/૨૦૧૯નો ચૂકાદો

૨. ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીનો તા. ૨૯/૦૫/૨૦૧૯નો પત્ર ક્રમાંક: GFSU/Admin/1619/2019

**<u>પ્રસ્તાવના:</u>**

૧. ગુજરાત ફોરેન્સિક સાયન્સિઝ યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતા M.Tech Cyber Security and Incident Responseના કોર્ષની શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮ માટેની ફી સંદર્ભે નામદાર ગુજરાત હાઇકોર્ટ સમક્ષ એસ.સી.એ. નં.- ૧૨૮૬૪/૨૦૧૮ દાખલ કરવામાં આવેલ હતી. જેમાં આ કેસના પિટિશનર દ્વારા યુનિવર્સિટી દ્વારા નિયત કરવામાં આવેલ ફી નિયમો વિરૂદ્ધની અને વધારે હોવાથી અને રાજ્યની અન્ય ગ્રાન્ટ-ઇન-એઇડ સંસ્થાઓ દ્વારા આ કોર્સ માટે લેવામાં આવતી ફી મુજબ ફી નક્કી કરી બાકીની ફી પિટિશનરને પરત કરવા દાદ માંગેલ હતી. જે અન્વયે નામ. ગુજરાત હાઇકોર્ટે આમુખ ક્રમાંક:(૧) સામે દર્શાવેલ તા. ૧૦/૦૫/૨૦૧૯ના ચૂકાદાથી નીચે મુજબ હુકમ કરેલ છે.

"It is directed that the University shall have to approch the State of Gujarat through its concerned department under the domain of which the University falls for the purpose of approval of the fee structure prescribed by the University for the Academic years 2016-17 and 2017-18 for the concerned course, being M.Tech Cyber Security, to which the writ-applicants were admitted. The fee structure which may be approved by State Government shall governs the field. The University shall approach the state for approval of the aforesaid fee structure within the period of 4 weeks from the date of receipt present order and the State Government shall decide the same as expeditiously as possible preferably within a period of 8 weeks from the date of receipt of such proposal from the University"

૨. આમુખ ક્રમાંક: (૧) સામે દર્શાવેલ તા. ૧૦/૦૫/૨૦૧૯ના ચૂકાદાથી નામ. ગુજરાત હાઇકોર્ટે ગુજરાત ફોરેન્સિક સાયન્સિઝ યુનિવર્સિટી ખાતે ચાલતા M.Tech Cyber Security and Incident Responseના કોર્ષ માટે ગુજરાત ફોરેન્સિક સાયન્સિઝ યુનિવર્સિટીને સંબંધિત વિભાગને ૪ અઠવાડિયામાં દરખાસ્ત કરવા તેમજ વિભાગને આવી રજૂઆત મળ્યેથી ૮ અઠવાડીયામાં નિર્ણય કરવા હુકમ કરેલ છે.

૩. ગુજરાત ફોરેન્સિક સાયન્સિઝ યુનિવર્સિટી અધિનિય-૨૦૦૮ની કલમ-૭ મુજબ યુનિવર્સિટી ખાતે ચાલતા કોર્સની ફી નક્કી કરવાની સત્તા યુનિવર્સિટીના બોર્ડ ઓફ ગવર્નર્સની છે, પરંતુ આમુખ ક્રમાંક: (૧) સામે દર્શાવેલ ચૂકાદા અન્વયે અમુખ ક્રમાંક: (૨) સામે દર્શાવેલ તા. ૨૯/૦૫/૨૦૧૯ના પત્રથી ગુજરાત ફોરેન્સિક સાયન્સિઝ યુનિ.એ M.Tech Cyber Security and Incident Responseના કોર્સ માટે શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ અને વર્ષ ૨૦૧૭-૧૮ માટે ફીનું માળખું નિયત કરવા અંગે આ કોર્સની છેલ્લા ત્રણ વર્ષ આવક, ખર્ચની વિગતો, નાણાકીય વિગતો, ફી રેગ્યુલેટરી કમિટી દ્વારા રાજ્યની અન્ય યુનિવર્સિટીઓ માટે આ કોર્સની નિયત કરેલ ફી વગેરે વિગતો સહિત દરખાસ્ત કરેલ છે.

૪. ગુ.ફો.સા.યુનિ. ખાતે ચાલતા આ કોર્સ માટે છેલ્લા ત્રણ વર્ષની કુલ આવક તથા તેની સામે થયેલ કુલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | એમ.ટેક. કોર્સમાં વિદ્યાર્થીઓની કુલ સંખ્યા | એમ.ટેક. કોર્સ માટે વર્ષવાર કુલ આવક | | | એમ.ટેક. કોર્સ માટે વર્ષવાર કુલ ખર્ચ | વધારાનો ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| | | રાજ્ય સરકાર તરફથી મળેલ ગ્રાન્ટ* | એમ.ટેક.ની ટ્યુશન ફીની આવક | કુલ | | |
| ૨૦૧૬-૧૭ | ૮૬ | ૩૨૮.૭૫/- લાખ | ૧૧૬.૧૦/- લાખ | ૪૪૪.૮૫/- લાખ | ૩૦૫.૭૦/- લાખ | +૧૩૯.૧૫/- લાખ |
| ૨૦૧૭-૧૮ | ૯૦ | ૫૯.૬૮/- લાખ | ૧૨૧.૫૦/- લાખ | ૧૮૧.૧૮/- લાખ | ૩૫૦.૭૯/- લાખ | -૧૬૯.૬૧/- લાખ |
| ૨૦૧૮-૧૯ | ૧૦૧ | ૧૧૫.૫૬/- લાખ | ૧૩૬.૩૫/- લાખ | ૨૫૧.૯૧/- લાખ | ૪૨૨.૪૮/- લાખ | -૧૭૦.૫૭/- લાખ |
| સરેરાશ | | | | ૨૯૨.૬૪/- લાખ | ૩૫૯.૬૫/- લાખ | -૬૭.૦૧/- લાખ |

**(* આમુખ ક્રમાંક: (૨) સામે દર્શાવેલ યુનિવર્સિટીના પત્ર મુજબ સરકાર દ્વારા મળતી ગ્રાન્ટની યુનિ.ના કુલ વિદ્યાર્થિઓની સંખ્યા વચ્ચે વહેંચીને વૈકલ્પિક ગણતરી કરેલ છે. જે ગણતરી નીચે મુજબ છે.)**

| વર્ષ | રાજ્ય સરકાર તરફથી મળેલ કુલ ગ્રાન્ટ | ગુ.ફો.સા.યુનિ.માં વિદ્યાર્થીઓની કુલ સંખ્યા | ગુ.ફો.સાયુનિ. ખાતે ચાલતા એમ.ટેક. કોર્સમાં વિદ્યાર્થીઓની સંખ્યા | રાજ્ય સરકાર તરફથી મળેલ કુલ ગ્રાન્ટ પૈકી એમ.ટેક. કોર્સના વિદ્યાર્થીઓના ફાળે આવતી રકમ(૨÷૩×૪=૫) |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૨૦૧૬-૧૭ | ૨૫૦૦/- લાખ | ૬૫૪ | ૮૬ | ૩૨૮.૭૫/- લાખ |
| ૨૦૧૭-૧૮ | ૫૦૦/- લાખ | ૭૫૪ | ૯૦ | ૫૯.૬૮/- લાખ |
| ૨૦૧૮-૧૯ | ૧૦૦૦/- લાખ (જૂન-૨૦૧૮ સુધીમાં) | ૮૭૪ | ૧૦૧ | ૧૧૫.૫૬/- લાખ |

૫. વધુમાં ગુજરાત ફોરેન્સિક સાયન્સિઝ યુનિવર્સિટીના આમુખ ક્રમાંક: (૨) સામે દર્શાવેલ પત્રની વિગતો ચકાસતા યુનિવર્સિટીને સરકાર તરફથી મળતી ગ્રાન્ટનો ઉપયોગ યુનિવર્સિટીના ઇન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ માટે ઉપયોગમાં લેવામાં આવે છે. આથી ઇન્ફ્રાસ્ટ્રક્ચર પરના ઘસારાને ખર્ચ તરીકે નહી ગણતા યુનિવર્સિટીની છેલ્લા ત્રણ વર્ષની આવક તેમજ ખર્ચની વિગતો નીચે મુજબ રહેવા પામે છે.

| વર્ષ | એમ.ટેક. કોર્સમાં વિદ્યાર્થીઓની કુલ સંખ્યા | એમ.ટેક.ની ટ્યુશન ફીની આવક | એમ.ટેક. કોર્સ માટે વર્ષવાર કુલ ખર્ચ | વધારાનો ખર્ચ | એમ.ટેક. કોર્સના વિદ્યાર્થી દિઠ વાર્ષિક ખર્ચ(૪÷૨=૬) |
|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
| ૨૦૧૬-૧૭ | ૮૬ | ૧૧૬.૧૦/- લાખ | ૧૫૧.૬૧/- લાખ | ૩૫.૫૧/- લાખ | ૧.૭૬/- લાખ |
| ૨૦૧૭-૧૮ | ૯૦ | ૧૨૧.૫૦/- લાખ | ૧૪૩.૭૩/- લાખ | ૨૨.૨૩/- લાખ | ૧.૫૯/- લાખ |
| ૨૦૧૮-૧૯ | ૧૦૧ | ૧૩૬.૩૫/- લાખ | ૨૬૮.૯૧/- લાખ | ૧૩૨.૫૬/- લાખ | ૨.૬૬/- લાખ |
| સરેરાશ | | ૧૨૪.૬૫/- લાખ | ૧૮૮.૦૮/- લાખ | ૬૩.૪૩/- લાખ | ૨.૦૦૩/- લાખ |

૬. આમુખ ક્રમાક: (૧) સામે દર્શાવેલ નામ. ગુજરાત હાઇકોર્ટનો ચૂકાદો, આમુખ ક્રમાંક: (૨) સામે ગુજરાત ફોરેન્સિક સાયન્સિઝ યુનિવર્સિટીના પત્રની વિગતો, યુનિવર્સિટીને છેલ્લા ત્રણ વર્ષમાં ગુજરાત સરકાર તરફથી મળેલ ગ્રાન્ટ તેમજ રાજ્યની અન્ય યુનિવર્સિટીઓ ખાતે ચાલતા M.Tech કોર્સની ફી કે જે ફી રેગ્યુલેટરી કમિટી દ્વારા નિયત થયેલ છે તેની વિગતો વગેરે બાબતો ધ્યાને લઇ ગુજરાત ફોરેન્સિક સાયન્સિઝ યુનિવર્સિટી ખાતે ચાલતા M.Tech Cyber Security and Incident Responseના કોર્ષ માટે શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ અને શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ માટે ફીનું ધોરણ નક્કી કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે ગુજરાત ફોરેન્સિક સાયન્સિઝ યુનિવર્સિટી ખાતે ચાલતા M.Tech Cyber Security and Incident Responseના કોર્ષ માટે શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ અને શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ માટે વાર્ષિક રૂ. ૧,૩૦,૦૦૦/-(રૂ. એક લાખ ત્રીસ હજાર પુરા) ફી નિયત કરવામાં આવે છે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા. ૧૫/૦૭/૨૦૧૯ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી.આર. ભમ્મર)
નાયબ સચિવ,
ગૃહ વિભાગ.

**પ્રતિ,**

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર(પત્ર દ્વારા)
- માન.મુખ્ય મંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકૂલ-૧, સચિવાલય, ગાંધીનગર

- માન.રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(નાણા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- મહાનિયામકશ્રી, ગુજરાત ફોરેન્સિક સાયન્સિઝ યુનિ., ગાંધીનગર
- રજિસ્ટ્રારશ્રી, ગુજરાત ફોરેન્સિક સાયન્સિઝ યુનિ., ગાંધીનગર
- સેક્શન ઓફિસર, આઇ.ટી. શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
  (ઉક્ત ઠરાવ વિભાગની વેબ સાઇટ પર પ્રસિદ્ધ કરવાની વિનંતી સહ.)
- શાખા પસંદગી ફાઇલ
- નાયબ સેક્શન અધિકારી પસંદગી ફાઇલ